સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૨૨૫૧

કાયદો-વ્યવસ્થા-ન્યાય છે વેન્ટીલેટર પર,
સ્ત્રી - સમાજ સુરક્ષા ય છે વેન્ટીલેટર પર,
વેન્ટીલેટર પર ટકી રહી છે સરકાર -
લોકસભા ટકી રહી છે વેન્ટીલેટર પર..

હાઈકુ

પ્રદર્શનના
લોકજુવાર પર
વરસે લાઠી

રાક્ષસો સામે
જગદંબા, સ્ત્રી-શક્તિ
કોપાયમાન

ચિંતન

ભયે વા યદિ હર્ષે વા સંપ્રાપ્તે યો વિમર્શયેત્ ।
કાર્ય ન કુરૂતે વેગાન્ન સ સન્તાપમાનુયાત્ ॥

'જે માણસ ભય-દુ:ખ-આપત્તિના સમયમાં કે આનંદ-ઉલ્લાસ-હર્ષના પ્રસંગોમાં પણ તટસ્થપણે - વિવેકપૂર્ણ વિચાર કરીને, ઉતાવળે કોઇ નિર્ણય ન કરે તે કદાપિ દુ:ખ પામતા નથી.'

આજે, વ્યવહારમાં આત્મહત્યાઓનાં બનાવો ખૂબ જ સહજ અને રોજના થઇ ગયા છે, પરીક્ષામાં ધાર્યું પરિણામ ન આવ્યું, વેપારમાં ખોટ ગઇ, અપકીર્તિ-બદનામી થઇ, લગ્નજીવનમાં અણબનાવ બોવાયાલી થઇ, ઘરમાં સભ્યોની કનડગત, ખાયકી-ખોટ-કૌભાંડનો રેલો આવે - આવા અનેક પ્રસંગે વ્યક્તિ નિર્દોષ હોય કે દોષિત પણ ઉતાવળે નિર્ણય લઇ 'જીવ હાનિ' કરવી યોગ્ય નથી. દબાણ-ટેન્સન-ટ્રેસમાં આવી 'ગાંડપણ' સુધી પહોંચી જવું પણ યોગ્ય નથી.

સત્તા-પદ-અધિકાર-વિજય મળે અને એમાં માણસ છક્કી-બ્હેકી જઇ મદ-અભિમાનમાં વિવેક અને મગજનું સમતોલપણું ગુમાવે એ પણ યોગ્ય નથી.

વાચન-સત્સંગ દ્વારા વિચાર કરવાની શક્તિ મળે છે કોઇ પણ બાબતમાં "સાચો નિર્ણય" લેવાની સૂઝ આપે છે. કઇ બાબત સારી-સાચી છે કે કઇ બાબત ખરાબ-ખોટી છે એના યોગ્ય નિર્ણયને 'વિવેક' કહેવાય છે.

આપત્તિઓ અને આનંદપૂર્ણ સંજોગોમાં 'વિવેક' જાળવીને નિર્ણય લેવો જોઇએ.

સુવિચાર

- વિરોધ, અને વાદવિવાદનાં હજારો આવર્તન જ માણસને માણસ બનાવે છે - **દેરાબંધુ**
- વીરતા વર્ણનનો કે કહેવાનો અથવા જોવા માટેનો વિષય નથી, પણ સમય પર અમલમાં મૂકવાની વસ્તુ છે - **થોમસ ફુલર**
- શસ્ત્ર યુદ્ધમાં વિજય પ્રાપ્ત કરવા કરતાં આત્મા પર વિજય મેળવવો એમાં અધિક વીરતા છે - **ભર્તૃહરિ**
- જે ક્ષણે મહત્ત્વકાંક્ષા, ઇચ્છાઓ, અપેક્ષાઓનો અંત આવે છે તે ક્ષણથી શાંતિ શરૂ થાય છે- **લુંગ**
- જેમને પ્રશંસાનો લોભ હોય છે તે ખરેખર એને માટેની પાત્રતા જ ધરાવતા હોતા નથી - **પ્લૂટાર્ક**
- જ્યારે હૃદય અને મન શાંત હોય ત્યારે સ્વાભાવિક રીતે જ 'આરામ' મળી જાય છે - **મનુ ભગવાન**
- પરોપકાર થઇ શકે તો સારૂં પણ કોઇનું અહિત તો કદાપિ વિચારતા પણ નહીં- **ગાંધીજી**

બોધ કથા

આપણને આપણા જીવનનો-જીવવાનો હેતુ-લક્ષ્ય-ધ્યેયની ખબર નથી એટલે ટ્રેનના ડબ્બાની જેમ કોઇ જ્યાં-જેમ લઇ જાય ત્યાં ખેંચાતા રહીએ છીએ. સમાજમાં આપણે આપણા માટે તો જીવતા જ નથી. અભ્યાસ-ઘર-લગ્ન-નોકરી-ધંધા-ચિંતા પરિવાર માટે - ઘડિયાળ ચાવીથી જે કાંટા ફરે તે સમયબદ્ધ આપણને ભોંકાતા રહે છે, કોઇના લગ્નમાં-જનોઇ-બેસણામાં-સ્મશાને-પાર્ટીમાં-સંબંધો તો તાંતણા આપણે ખેંચી ખેંચી દોડાવે છે.

કોઇ'દિ તમે તમારે માટે જીવ્યા? કોઇ ક્ષણ તમે તમારા માટે કાઢી? તમારા મનપસંદ સમયે તમને ગમતું આનંદથી તરબોળ કરતું સંગીત તમે સાંભળ્યું, તમને ગમતાં પુસ્તકમાંથી 'ચિંતન'ના એક બે ફકરા વાંચી એના પર વિચાર કર્યો? બાથરૂમમાં મળતાં નગ્ન એકાંત ને કોઇ હાયવોય વિના માણ્યું? આપણને નામથી પણ ન ઓળખતું એવી જગ્યાએ-બાગ-બગીચા વનમાં ભટક્યા છો? સંબંધોના બધા વાયર્સ કાપી નાખી, ચિંતાઓ ફેંકી ઘડિયાળનો 'પાવર' કાઢી નાખો! કાળ આપણને ચાવી જાય એ પહેલાં તમે જ એક-એક ક્ષણને ચાવી પચાવી જાય.

આ વિચાર માયા એન્જલુના છે.

માતા-પિતાના છૂટાછેડા પછી દાદીમા પાસે ઉછરી આઠ વર્ષની વયે, માતાના મિત્રે બળાત્કાર કર્યો, પાંચ વર્ષ સુધી આવાક્-અબોલ-મૂંગી રહી, પછી વેઇટ્રેસ, નર્તકી, અભિનેત્રી, નાઇટ ક્લબની નાયિકા, શિક્ષિકા, સમાજસેવિકા - અને પત્રકાર-તંત્રી થઇ, પછી જીવનના નિચોડ સમી આત્મકથા લખી, એનું આ મંથન છે.

માણસ બધા માટે જીવે છે, ફક્ત પોતાના માટે જ જીવતો નથી.

સંઘર્ષો વચ્ચે પૂરેપૂરી ધીરજ દાખવી સહન કરતાં કરતાં આગળ ધપવાનું, સ્ખલનો આવશે, મુશ્કેલી આવશે, મૂંઝારો પણ થશે, છતાં હિંમત નહીં હારો તો જ શિખરે પહોંચાશે

લાગણીનો મેળો

- રસિક વાળંદ 'નિર્ઝર'

જમાનાના બધાં પુણ્યો જમાનાનો મુબારક હો,
હું પારખું પાપને મારાં મને એવાં નયન દેજો!

- નાઝીર દેખૈયા

એક રાજા હતો. એક ઠેકાણે એને હુમલો કરવો હતો. આ માટે ખાસ ચુનંદા ચાલીસ માણસોની ટુકડી સાથે લઇ જવાની હતી. રાજાએ આગ્રહ કર્યો : "અનહદ સહનશક્તિવાળા માણસો જ મારે જોઇએ." સેનાપતિએ કહ્યું, "શક્તિશાળી નહિ?" રાજાએ પ્રત્યુત્તર વાળ્યો - "એ પછી. પહેલા સહનશીલ હોવો જોઇએ."

"સહનશીલતા માટે આટલો બધો આગ્રહ શા માટે?" "એટલા માટે કે, હું જાણું છું કે જે વધારેમાં વધારે સહન કરે છે એ જ વિજયને વરે છે."

રાજા જે જાણતો હતો એ આપણે જાણવું રહ્યું. અમલમાં મૂકવું રહ્યું. સફળતાના શિખર સર કરતાં પહેલાં સીધાં ચઢાણ પણ આવે ને કદીક અવળાં આરોહણ પણ આવશે. સંઘર્ષો વચ્ચે પૂરેપૂરી ધીરજ દાખવી સહન કરતાં કરતાં આગળ ધપવાનું. સ્ખલનો આવશે, મુશ્કેલી આવશે, મૂંઝારો પણ થશે, છતાં હિંમત નહીં હારો તો જ શિખરે પહોંચાશે.

સ્વામી વિવેકાનંદજીએ કહ્યું છે કે, "મને જોઇએ છે એવા સો માણસો જે જિંદગીની પરવા કર્યા વગર ધગધગતી આગમાં કૂદી પડે. પોતાને જે જોઇએ એ મેળવ્યા વગર નહીં જંપનારા થોડા સહનશીલ આત્માઓ પણ તૈયાર કરી શકીશ તો મારા જીવનને ધન્ય માનીશ." સ્વામીજીની આ ઝંખના કાળ સાથે ધરતીમાં ધરબાઇ ગઇ. પણ એ સ્વપ્નોના ચેતનાના ફૂલ હજુયે વાતાવરણમાં મહેંકે છે. શું આપણે એને નહીં ઝીલીએ? એમની આકાંક્ષાઓનો યોગ્ય જવાબ નહીં આપીએ? અરે, ભલે આપણે બીજા કોઇનેય વફાદાર ના હોઇએ પણ પોતાની જાતને તો વફાદાર રહીએ. આપણા પોતિકા સ્વપ્ન માટે તો કંઇક કરી છૂટીએ!!

> ભલે આપણે બીજા કોઈનેય વફાદાર ના હોઈએ પણ પોતાની જાતને તો વફાદાર રહીએ, આપણા પોતિકા સ્વપ્ન માટે તો કંઈક કરી છૂટીએ!!

અમે એકવાર મિત્રો સાથે ગિરનારનું ચઢાણ સર કર્યું. ઉતારે પાછા ફર્યા ત્યારે બધાં સાવ થાકેલાં અમારા એક કવિવર્ય એકલા જ પ્રફુલ્લ. એકમિત્રે પૂછ્યું; "આપણે બધાં સરખું ચાલ્યાં છીએ છતાં અમે બધાં થાકીને લોથપોથ થયાને તમે કેમ તાજગીમાં છો?" કવિએ જણાવ્યું, "મિત્રો, મારી તાજગીના રહસ્યમાં મારા જીવનમાં નિયમ બનાવી રાખ્યો છે કે બને એટલો આનંદ માણવો, અનિવાર્ય હોય તે સહી લેવું," અરે પ...ણ આ નિયમને આપણા ચઢાણ સાથે શો સંબંધ? અરે, ભલા મિત્રો... શું તમે જ્યારે ચાલતા ત્યારે આસપાસના નિસર્ગને માણ્યું ખરૂં! આપણે અહીં મોજમજા કરવા આવ્યા છીએ. ધરતીની વાતો ઘેર... અહીં તો હરવું-ફરવું ને મોજ માણવાની... કરવા જેવું કામ તો આ છે. જિંદગીના રસ્તે ચાલતાં કદીક ઉપવનો તો ક્યાંક રણ તો વળી ક્યાંક તોફાની સાગર કે પછી શાંત સરોવરોને પછી લીલીછમ્મ વાડીઓ પણ આવવાની. સમયને પારખીને આગળ વધતા રહેવાનું. ટાણું જોઇ ડગ માંડવા... જો રણમાં હોઇએ તો ચાલવાની ઝડપ રાખીએ. બને એટલી ત્વરાભેર રસ્તો વટાવવો રહ્યો... સાથેએ પણ યાદ રાખીએ કે શ્વેત રણને પણ આગવું સૌંદર્ય છે, ને ઝાંઝવાના છળની માયા પણ છે, આ બધાંની વચ્ચે બસ આનંદ માણતા રહીએ..!!

આ ભૂલોકમાં અવતરેલા (નહીં કે ભૂલા પડેલાં!) પ્રત્યેકને દુ:ખનો સામનો તો કરવો જ પડે છે. ભાગે પડતાં દુ:ખો તો વેઠવા જ પડશે. છૂટકો જ નથી, પરંતુ કેટલી ધીરજ ને શાંતિથી એને પાર પાડીએ છીએ એજ મહત્ત્વનું છે. ભગવાન પાસે સતત દુ:ખની માગણી કરતાં કુંતામાતાના ચરિત્રને જોઇ ઘડીક એમ થાય કે સામે ચાલીને તે વળી દુ:ખ મંગાતું હશે? મિત્રો, જ્યારે આનંદમાં હોઇએ ત્યારે આપણને પ્રાર્થના કરવાનું યાદ નથી આવતું. ને કદાચ ટેવવશ પ્રાર્થના કરીએ તોય આનંદ ઘેલું મન એમાં એકાગ્ર નથી થતું. કહેવાય છે કે સુખના સમયમાં કરેલી હજાર પ્રાર્થનાઓ કરતાં દુ:ખના સમયની પ્રાર્થનામાં વધારે બળ રહેલું છે.

સુખની છાલકો અને દુ:ખની વ્યગ્રતા. આ બંને આપણા કેન્દ્રને છટકાવી દેનારાં. કેન્દ્રસ્થ થઇને તો જ પ્રાર્થનાનો અર્થ સરે! ધીરજ વગર બેસવાનો કંઇ અર્થ ખરો? ધોળે દિવસે તારા દેખાડી દેનારાં દુ:ખ પસાર થઇ ગયા પછી વારંવાર યાદ કરીને એક પ્રકારની તાજગી અનુભવાય છે! કપરાં સંજોગોમાં માનવ મદદ ન મળે ત્યારે "સુમન મન નિર્બલ કે બલરામ" આ મહાન બળનું સ્મરણ ચમત્કાર સર્જશે ને ગૂંચ ઊકલી જશે.

એક સંત રોજ પ્રાર્થના કરતા કે, "હે પ્રભુ! મને સુંદર દિલ આપજે." દોસ્તો, સરસ અંત:કરણ ગમે તેવા ભારે બોજને સરળતાથી ઊંચકી શકે છે. આ કળા સાદ્ય કરવા જેવી છે, આપણે ઘણી ફરજો અદા કરવાની છે, ઘણી કડવાસ જીરવાની છે, આ બધું ધીરજ હશે તો શક્ય બનશે. ધીરજની સાથે કામને જોડો અને એમાં આનંદ ઉમેરો. પછી જે ચમત્કાર સર્જાય તે જુઓ!! હંમેશાં ઢીલો પહેલાં માણસ કરતાં આનંદભર્યો માણસ કામ વધારે ખેંચી શકે છે, અને લાંબો સમય ટકી પણ શકે છે.

એક યાત્રિક, એ સામાન્ય નહોતો. એની ગતિ સ્વર્ગ તરફથી હતી. પણ હસતાં હસતાં સ્વર્ગે થોડું જવાય છે? રસ્તો લાંબો ને કપરો. કંકટ-કંટક વચ્ચે માર્ગ કરતાં આગળ વધવાનું. તોબા પોકારી જવાય. ત્યાં દૂર દૂર કમનીય કૂંજે દેખાય છે. હૈયું પોકારી ઊઠે છે; હજુ કેટલે દૂર? હૈયાને કહેવાનું કે બસ મારા આતમરામ! એટલામાં થાકી ગયા. સ્વર્ગ ઝાઝુ દૂર નથી. ધીરજ ગુમાવશો નહીં. આનંદનું સ્વર્ગ આપણું જ છે. જીવન માટે આપણે સર્જાયા છીએ. કેટલીક વિશેષ જવાબદારી સાથે. પ્રભુએ પૃથ્વી પર મોકલ્યા છે. જો એ પ્રતિ ઊંઘતા હોઇએ તો જરા જાગીએ... વંચિત રહીશું તો એ આપણો વાંક છે. પ્રભુ કે અન્ય સામે દોષારોપણ પણ ન કરીએ. બસ પ્રાપ્તિ માટે પ્રામાણિક પુરૂષાર્થ આદરીએ...

દોસ્તો, અનેક દીવડા જોયા હશે પરંતુ મને બે દીવડા બરાબર યાદ રહી ગયા છે. એક તો કેરોસીનના ખડિયામાં પ્રગટાવેલ દીવો. એવો ધુમાડો જોયો છે? (વર્ણન કરતો નથી) અને બીજો ચોખ્ખા ઘીનો દીવો. સજ્જનના આત્મા જેવો, બાળકના વિશુધ્ધ દિલ જેવો. કોઇ અખંડ ધૈર્યવાનને જોઉં ત્યારે મને આ નિર્ધૂમ દીવો દેખાય. ભડભડીયા જીવોને જોઉં ત્યારે કેરોસીનના ખડિયાનો ખ્યાલ મનમાં જાગે. દીવા તો બેય; પણ અજવાળામાં આભ-જમીનનો ફેર...!!

-: સ્પર્શમણિ :-

"ઘરમાં વસ્તુ લાવો છો ત્યારે સાચા-ખોટાની ચકાસણી કરીને લાવો છો, પણ પૈસા લાવતાં પહેલાં નીતિ-અનીતિની ચકાસણી કરો છો?"

- રવિશંકર મહારાજ

આપણે બધા ભ્રષ્ટાચારની ઝાટકણી કાઢતા રહીએ છીએ... પરંતુ આપણે પણ તેનાથી ખરડાયેલા તો છીએ જ ને! આપણે બધા પણ પેલા દરજીની જેમ "આટલી બધી ઝંડીઓ છે તો એક વધુ" એમ કહીને પુરમાં તણાઇ જઇએ છીએ...

વિચાર યાત્રા

- જય ઓઝા

અંગ્રેજ કવિ ચોસરની પંક્તિ છે કે If Gold can Rust What will Iron Do? જો સોનાને કાટ લાગી શકે તો લોખંડની... શું હાલત થાય?

એક વેપારી ઇન્કમટેક્સ ઓફિસની કચેરીમાં ગયો અને પ્રવેશતા વેંત ફરિયાદ કરી, "સાહેબ, આ તમારા પટ્ટાવાળાને કંઇક કહો, અંદર આવવાના દસ રૂપિયા માંગતો હતો." સાહેબે પટ્ટાવાળાને અંદર બોલાવ્યો અને કહ્યું, "આ માણસને ધક્કા મારીને બહાર કાઢ" પેલો વેપારી તો ગભરાઇ ગયો... અને કરગરવા લાગ્યો... "સાહેબ આમા મારો શું વાંક...?" સાહેબે કહ્યું, "જે વ્યક્તિ પટ્ટાવાળાને દસ રૂપિયા નથી આપી શકતો...તે મને શું આપવાનો હતો?"

એક બીજી કથા જોઇએ... એક દરજીને કપડું ચોરવાની ખૂબ આદત હતી. કોઇ પણ સારૂં કાપડ સીવવા આવે તો એમાંથી થોડુંક તો તફડાવી જ લે. એકવાર એ બીમાર પડયો... અને બિમારીમાં તેને ભયંકર સ્વપ્ન આવ્યું... એણે જોયું કે પોતે ખુદા પાસે પહોંચી રહ્યો છે, ત્યારે પોતે ચોરેલા તમામ કાપડની ઝંડીઓ દેખાતી હતી... પોતે કરેલી ચોરી માટે તેને પારાવાર પસ્તાવો થવા લાગ્યો... તે સાજો થયા પછી તેણે મિત્રોને કહ્યું, "હવે હું બિલકુલ કપડું ચોરવાનો નથી. છતાં પડેલી આદત ન જાય અને તમે મને કપડું ચોરતા જોઇ લો તો માત્ર એટલી જ ચેતવણી આપવી કે, 'ઉસ્તાદ ઝંડી' અને હું સમજી જઇશ કે મારે કપડું ચોરવાનું નથી..."

એ પછી જ્યારે જ્યારે એ દરજીનો હાથ ચોરી માટે લલચાય ત્યારે ત્યારે સાથી મિત્રોની ચેતવણી સાંભળી પાછો અટકી જાય...

એકવાર એવું થયું કે એક શ્રીમંત ગ્રાહક સૂટનું અફલાતૂન કપડું લઇ સીંવવા માટે આપી ગયો. દરજીની નિયત બગડી. એને થયું કે આમાથી તો મારા દીકરાનું શર્ટ બની જશે... દરજીએ જેવો કપડાં પર કાતરવાળો હાથ મૂક્યો કે તરત જ સાથીએ કહ્યું, "ઉસ્તાદ ઝંડી." ઉસ્તાદે ગુસ્સે થઇને જવાબ આપ્યો, "યે હર પલ ઝંડી ઝંડી ક્યાં લગા રખા હૈ? રાસ્તે પર ઇતની સારી ઝંડીયા હૈ તો એક ઓર લગ જાયેગી."

> એક હી સફર મે ખડે રહ ગયે, મહેમૂદો-અયાઝ
> ન કોઈ બંધા રહા, ઔર ન કોઈ બંદાનવાઝ

ખુલ્લેઆમ લાંચ-રૂશ્વતનો માહોલ જામ્યો છે... ત્યારે આ કથા સૂચક બની રહે છે... આદર્શ ગોટાળો હોય કે 2G, 3G વાળા ટેલિકોમ ગોટાળા, આ બધું આપણી માટે નવું નથી... કૌભાંડના નામ બદલાતા રહે છે, પાર્ટીઓના નામ બદલતા રહે છે પણ કૌભાંડ અટકતા નથી...

રાજકારણીઓ, ઉદ્યોગપતિઓ કે સરકારી અમલદારો તો આ કળણમાં ખૂંપેલા છે જ. પરંતુ મારા-તમારા જેવા સામાન્ય માણસો પણ ક્યાંક ને ક્યાંક આમા બંધ બેસીએ છીએ...

"સરકાર ભ્રષ્ટાચારથી ખદબદે છે", "આખો સમાજ રૂશ્વતખોર બની ગયો છે." જેવા આક્ષેપો આપણે ઉચ્ચારીએ છીએ ત્યારે આપણે બધાથી કંઇક ઊંચા હોઇએ તેવો ભાવ અનુભવીએ છીએ... પ્રામાણિક હોઇએ તેવી લાગણી અનુભવાય છે... કોઇની નિંદા કરવામાં સુખ એ છે કે આપણે આવા અવગુણોથી તદ્દન મુક્ત છીએ તેવા ભ્રમમાં રહી શકીએ છીએ...

આપણે બધા ભ્રષ્ટાચારની ઝાટકણી કાઢતા રહીએ છીએ... પરંતુ આપણે પણ તેનાથી ખરડાયેલા તો છીએ જ ને! આપણે બધા પણ પેલા દરજીની જેમ "આટલી બધી ઝંડીઓ છે તો એક વધુ" એમ કહીને પુરમાં તણાઇ જઇએ છીએ...

કવિ ઇકબાલના શબ્દો છે :-

એક હી સફર મે ખડે રહ ગયે, મહેમૂદો - અયાઝ
ન કોઇ બંદા રહા, ન બંદાનવાઝ

- ગુલામ અને માલિક બંને એક જ હરોળમાં ઊભા રહેવાના હોય છે. અને ગુલામ અને માલિકનો ભેદ અલ્લાહના દરબારમાં નથી... આ વાતને ભ્રષ્ટાચારના સંદર્ભે જોઇએ તો ગરીબ - તવંગર, જ્ઞાની-અજ્ઞાની બધા જ ભ્રષ્ટાચાર આચરવામાં આવે છે...

(અનુસંધાન પાના નં. ૬ પર)

આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

૨૫મી ડિસેમ્બર

- બનારસ હિન્દુ યુનિવર્સિટીના સ્થાપક, પંડિત મદનમોહન માલવિયાજીની આજે જન્મજયંતિ - ૨૫-૧૨-૧૮૬૧.
- સંસ્કૃત, હિન્દી અને અંગ્રેજીના પ્રભાવક વક્તા, લેખનશૈલી, ધારદાર, ભારતભૂષણ માલવિયાજી શિક્ષણશાસ્ત્રી હતા.



- પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી બાજપાઇનો જન્મ. ૨૫-૧૨-૧૯૨૪.

પદ્મભૂષણ અને સર્વશ્રેષ્ઠ સાંસદના એવોર્ડ મળ્યા, અનેક કવિતાઓ અને પુસ્તકો. 'આંધી મે દિપ જલાયે' એમનું નોંધપાત્ર પુસ્તક.

- ૧૯૨૬ - હીરોહીટો જાપાનના વડાપ્રધાન પદે આવ્યા.



- આજે ક્રિસમસ - ઇસુ ખ્રિસ્તનો જન્મદિન - નાતાલ.
- ૧૯૭૨ - ચાણક્ય રાજપુરૂષ 'રાજાજી'નું અવસાન.
- ૧૯૯૪ - પૂર્વ રાષ્ટ્રપતિ જ્ઞાની ઝૈલસિંહનું અવસાન.

ગાય માતાના દર્શન એટલે છત્રીસ કોટિ દેવોનાં દર્શન એમ કહેવાય છે, આ સંદર્ભને ફેરવીને એમ કહી શકાય કે, મહેશભાઇ મહેતાની આંખમાં સદાય બાળકો પ્રત્યેની કરૂણાના દર્શન થયા કરે છે

મોંઘેરા મોતી

- નટવર આહલપરા

"કુદરત કેવા ઝખ્મો આપી જાય છે?" આવા ઉદ્ગાર સાંભળી મેં મહેશભાઇ મહેતાની આંખ સામે આંખ મેળવી. તેમની આંખના ખૂણા આંસુથી ભરાઇ ગયા હતા. સાડા છ વર્ષના ખિલેલા પુષ્પ સમા પુત્રે ચામડીના રોગથી અનંતની વાટ પકડી! હૃદયસ્પર્શી ઘટનાનું સ્મરણ કર્યું. પણ મહેશભાઇ સ્વસ્થ થઇ. પોતાના પરિચયને રજૂ કરતાં હતા. અમદાવાદ જિલ્લાના બરવાળા તાલુકાના ખાંભડા ગામે તા. ૭-૪-૧૯૮૦ના રોજ જન્મેલા બત્રીસ વર્ષના સંવેદનશીલ અધ્યાપકના પિતા કાળુભાઇ અને માતા મંજુલાબહેન - મૂળ વતન ખાંભડા, નાની વયમાં એમ.એ., એમ. એડ્., પી.એચડી.ની ઉપાધિ પ્રાપ્ત કરી. એ કોઇ નાની સુની ઘટના નથી.

ગાય માતાના દર્શન એટલે છત્રીસ કોટિ દેવાનં

> 'છેતરવા કરવા છેતરાવું' પસંદ કરતા ભીંના હૈયાના અધ્યાપક શ્રી મહેશભાઈ મહેતા

દર્શન એમ કહેવાય છે. આ સંદર્ભને ફેરવીને એમ કહી શકાય કે, મહેશભાઇ મહેતાની આંખમાં સદાય બાળકો પ્રત્યેની કરૂણાના દર્શન થયા કરે છે. વર્ષ - ૨૦૦૪માં અમરેલી જિલ્લાના ચિતલ ગામમાં બાર ધોરણ પાસ થયેલા ઊર્મિલાબહેન સાથે મહેશભાઇ મહેતાએ પરિણયના પગરણ માંડયા હતા.

કોમ્પ્યુટર યુગ વિશે મંતવ્ય આપતાં તેઓએ જણાવ્યું હતું કે, "આજે કોમ્પ્યુટર યુગના કારણે એક પેઢી ઝડપથી પરિવર્તત પામે છે." વિવિધ પ્રકારના વાંચવાલાયક પુસ્તકો વાંચવા માટેનો સમય તેઓ બચાવી લે છે. ડિસ્કવરી, હીસ્ટ્રી ચેનલના કાર્યક્રમો ગમે છે. ઘરના કોઇ સભ્ય માનતા રાખે તો તેને આદરભેર પૂર્ણ કરાવતાં, શ્રી મહેશભાઇ મહિનામાં કોઇ પણ એક દિવસ ઉપવાસ, લાંઘણ કરી લે છે. કાઠી દરબારના ગોર હોવાને નાતે ગૌરવભરે ધાર્મિક વિધિ કાર્ય કરૂં છું.

સૌરાષ્ટ્રના અંતરિયાળ ગ્રામ્ય જીવનના પ્રવાસો કરવા જેમને ગમે છે. તેવા સરસ્વતી સાધક શ્રી મહેતા અનેકવિધ સંસ્થાઓ સાથે સંકળાયેલા છે. તેમાં જે.સી.આઇ., સૌરાષ્ટ્ર-કચ્છ તેમજ ગુજરાત ઇતિહાસ પરિષદ ઉલ્લેખનીય છે. ગ્રંથ ઉપર વિશ્વાસ રાખનારા આ ઋજુ હૃદયના માણસ કહે છે કે, "જે ગ્રંથિ તોડે ગ્રંથ" તેમના જીવનનો યાદગાર અકસ્માત એ છે કે, પોતાને કસમયે એકલો મુકીને પિતાનું અનંત યાત્રાએ ચાલ્યા જવું. જીવન ઘડતરના મોભી પિતાનું પાત્ર પણ સંતાનો માટે પ્રેરક હોય છે. તેમ શ્રી મહેશભાઇ ચોક્કસ માને છે.

રાજકોટમાં બજરંગવાડી વિસ્તારમાં નિમ્ન મધ્યમવર્ગના વાલીના ધોરણ-૧ થી ૧૨માં અભ્યાસ કરતાં સંતાનોની માવજત કરતાં શ્રી મહેતા શિક્ષણ સંસ્થાનો કાર્યભાર વહન કરવો, એ એક મોટું ગુપ્તદાન છે. તેવી પ્રતીતિ કરે છે અને વિદ્યાર્થીઓને ભણતર સાથે જીવનકળાના પાઠ શિખવી વ્યસન મુક્ત કરવા જેથી સમાજ પણ આ બદીથી દૂર રહી શકે.

શાળા સંચાલક તરીકે શિષ્ટ અને લોકસાહિત્ય તરીકે રૂચિ ધરાવનાર ઓછાં હોય છે. પણ શ્રી મહેતા ધબકતા છે. જીવનનું એક પ્રેરક અવતરણ આપતાં તેમને સરસ વાત જણાવી હતી કે, "કવિ કાગે તમના ગીતમાં કહ્યું છે કે છેતરાજે સમજ્યા છતાં તું એકલો... કોઇને છેતરવા કરતાં છેતરાઇ જવામાં વધુ લિજ્જત છે." તેમ અનુભવ કરનારા શ્રી મહેશભાઇનો સુખદ યાદગાર અકસ્માત એ હતો કે, જ્યારે પ્રથમવાર ગઢડા (સ્વામીના) પી.ટી.સી. કોલેજમાં અધ્યાપક તરીકે નિયુક્તિ થઇ. એ અલભ્ય ક્ષણો આજે પણ વર્ગમાં જાય છે ત્યારે તેઓને તાદૃશ થાય છે.

જીવનની ફલશ્રુતિ પછીનું ચિંતન આ યુવાનની નજરમાં આવું છે કે, કવિ કાગના ભજનોમાંથી નિતરતું જીવન એવું હોય છે કે, તે સત્ય પારખવાનો પ્રયત્ન કરે છે.

શ્રી મહેશભાઇને શુભેચ્છા, અભિનંદન સાથે કવિ શ્રી હેમંત ગોહિલની ગઝલનો શેર ભેટ આપીએ.

પંખી બનાવી દઇશ, હું એને કલા કૌશલથી,
એકાદ પીંછુ લાવને, બાજી હજી બગડી નથી.

તેમનો મો. નં. છે : ૯૯૨૪૦૨૯૩૭૯